
# દર્શન તો કરીએ, પણ આ રીતે

દર્શન માટે દેવસ્થાનોએ
જનારાઓની સંખ્યા બહુ મોટી છે.
દર્શન (ફીલોસોફી)
સમજવા માટે આ પુસ્તકનો
સ્વાધ્યાય સૌ દર્શનાર્થીઓએ
કરવો અને કરાવવો જોઈએ.
જાતે લાભ મેળવે અને
બીજા અનેકો સુધી આ રોશની
પ્રકાશને ફેલાવે.



ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- |
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## દર્શન તો કરીએ, પણ આ રીતે

આપણા સમાજમાં દર્શનનો ખૂબ મહિમા છે. દેવમંદિરોમાં તેમજ તીર્થોના દર્શન કરવા માટે લોકો ખૂબ કષ્ટ વેઠીને, ઘણું ખર્ચ કરીને જાય છે અને દર્શન કરીને ઘણો સંતોષ પામે છે. વળી કહે છે, કે અમારા ભાગ્યમાં આવો સુઅવસર લખ્યો હતો જેના લીધે અમુક તીર્થ કે દેવમંદિરોમાં દર્શન થઈ શક્યાં. આવી જ રીતે કોઈ સંત, મહાત્મા, વિદ્વાન કે મહાપુરુષ જોવા માટે પણ લોકો દોડાદોડીને જાય છે અને માને છે કે દર્શનનું પુણ્યફળ તેમને મળી ગયું. આપણા દેશમાં આ માન્યતા ખૂબ ઊંડે સુધી ઘર કરી જાય છે. દર્શનના લાભો વિશે લોકોની માન્યતા ચરમસીમા સુધી પહોંચી ગઈ છે. કેટલાક લોકો તો દર્શનને કલ્યાણને એકમાત્ર ઉપાય માની લે છે. કુંભના મેળામાં લાખો વ્યક્તિઓ એટલા માટે જાય છે, કે ત્યાં જવાથી તીર્થસ્થાન ઉપરાંત સંત-મહાત્માઓનાં પણ દર્શન થશે, જેનાથી તેમનાં પાપો ધોવાઈ જશે અને પુણ્યનો લાભ મળશે.

### અતિરેક ન કરવામાં આવે:

મહાત્મા ગાંધીના દર્શન માટે લાખો લોકો જતા હતા. તેઓ જ્યાંથી પસાર થતા હતા, ત્યાંના સ્ટેશનો પર બહુ ભીડ જમા થતી હતી અને દર્શન માટે આગ્રહ કરતી હતી. આખા દિવસના કઠોર શ્રમથી થાકી ગયા હોવાથી રાત્રે તેઓ ગાડીમાં સૂતા હોય ત્યારે પણ લોકો તેમને જગાડવા અને તેમને દર્શન કરવાનો આગ્રહ કરતા હતા. તેમને આરામ ન મળવાથી કષ્ટ થશે, બીમાર પડી જશે, એવી કોઈને પરવા ન હતી, તેમને તો બસ ગમે તેમ દર્શન કરવા હતાં. જો કે લોકોના દિલના મહાત્મા ગાંધી પ્રત્યે શ્રદ્ધા-ભાવના પણ હતી, પરંતુ સાથેસાથે દર્શનથી પુણ્ય મળવાનો લોભ પણ ઓછો ન હતો. જો માત્ર શ્રદ્ધા જ હોત અને તેની સાથે વિવેકનું નિયંત્રણ પણ હોત તો સતત કાર્યથી થાકેલા એક વયોવૃદ્ધ પરમા ર્થી સત્પુરુષને રાત્રે જગાડવાનો આગ્રહ શા માટે કરત? આવી સ્થિતિમાં લોકો પોતાની શ્રદ્ધાને પોતાના અંતઃકરણ સુધી સિમિત રાખી શક્તા હતા અને દર્શન કર્યા સિવાય પણ કામ ચલાવી શક્તા હતા પરંતુ જ્યાં દર્શનનો પુણ્યલાભ જ લુંટવો હોય ત્યારે કોઈને તકલીફ પડશે, બીમાર પડી જશે,

## તેને ચિંતા કરવાની શું જરૂર હોય?

આ દર્શનના પુણ્યફળ અંગેની માન્યતાનો અતિરેક છે. અતિની મર્યાદાએ પહોંચ્યા પછી અમૃત પણ વિષ બની જાય છે. શ્રદ્ધા જ્યારે વિવેકની સિમાઓનું ઉલ્લંઘન કરે છે, ત્યારે તે અંધશ્રદ્ધા કહેવાય છે અને તેનાથી લાભ કરતા નુકશાન જ થાય છે. શ્રદ્ધા જ્યાં આત્માને ઊંચો ઉઠાવે છે, ઈશ્વર સુધી લઈ જાય છે, ત્યાં અંધશ્રદ્ધા માણસને અવિવેક, અનાચાર, તથા અંધ:પતનની ખાઈમાં ધકેલી દે છે.

અંધશ્રદ્ધાનું શોષણ કરીને અને ધુતારા લોકો બીચારી ભોળી જનતાનું ખરાબ રીતે શોષણ કરે છે. આ શોષણ બંને પક્ષો માટે અહિતકર છે. શોષણકર્તા વધુને વધુ દુષ્ટતા પર્ ઊતરી આવે છે અને શોષિત રોજેરોજ વધુને વધુ દીન-હીન થતો જાય છે.

આથી જ આપણા શાસ્ત્રમાં એક બાજુ શ્રદ્ધાની પ્રસંશા કરવામાં આવી છે, તો બીજી બાજુ અંધશ્રદ્ધાની ભારોભાર ટીકા પણ કરવામાં આવી છે. દર્શનનો લાભ ઘણો છે જેને નકારી શકાય તેમ નથી, પરંતુ ત્યારે તેની બાબતમાં એટલો બધો ઉત્સાહ બતાવવામાં આવે કે જે અંધશ્રદ્ધા સુધી પહોંચી જાય ત્યારે માનવું જોઈએ, કે હવે તેનાથી લાભ ઓછો અને નુકશાન વધુ થવાની સંભાવના છે.

દર્શન એક એવો પ્રાથમિક પ્રયાસ છે જેનાથી કોઈ વિશેની જાણકારી મળે છે. જાણકારીથી શ્રદ્ધા વધે છે શ્રદ્ધાથી તેનું તથ્ય સમજવા માટેનો ઉત્સાહ વધે છે. તથ્યને અપનાવવાનો પ્રયત્ન કરવાથી તે અભ્યાસમાં આવે છે. અભ્યાસ પરીપક્વ થવાથી તેની વિશેષતાના કારણે જ ઈચ્છિત લાભ મળે છે.

દર્શનો વાસ્તવિક લાભ આટલી મંજિલ પાર કર્યા પછી જ મળે છે જોવા માત્રથી જ ઈચ્છિત ઉદ્દેશ પૂરો થઈ જશે એમ માનવું ભૂલ ભરેલું છે.

## શાળાનાં દર્શન તો કરીએ, પણ આ રીતે :

કોઈકે સાંભળ્યું કે અમુક પ્રાથમિક શાળામાં સ્વચ્છતા, વ્યવસ્થા તથા શિક્ષણ પદ્ધતિ ઘણી સારી છે. તેમાં બાળકોને ભણવા મૂક્વા સારાં. ઈચ્છા થઈ કે શાળાના દર્શન કરવાં જઈએ. ત્યાં ગયા, જોયું તો જેવું જાણવા મળ્યું હતું તેવું જ હતું. શાળાનું મકાન ખૂબ મોટું તથા સાફસૂથરું, હવા-ઉજાસની સારી વ્યવસ્થા, બેસવાની સુવિધાજનક વ્યવસ્થા, ઓછી ફી, સુયોગ્ય શિક્ષકો, દર વર્ષે પરીક્ષાનું સંતોષજનક પરિણામ વગેરે.

આમ, શાળાના દર્શન કરવાથી આટલી પ્રાથમિક જાણકારી મળી અને મન પ્રસન્ન થયું, શ્રદ્ધા વધી. આ શ્રદ્ધા દ્વારા જિજ્ઞાસા ઉત્પન્ન થઈ કે આ શાળામાં ક્યા ક્યા વિષયો ભણાવવામાં આવે છે, આપણાં બાળકોને ક્યા વિષયો ભણાવવા યોગ્ય રહેશે, તેમાં ભણવાથી કઈ સુવિધા-અસુવિધા રહેશે, આ શાળામાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ કઈ શરતો પૂરી કરવી પડશે, વગેરે. ત્યાર પછી શાળાના અધિકારીઓને પૂછયું તો તેમણે બધી માહિતી સંતોષજનક રીતે આપી. હવે બાળકને શાળામાં દાખલ કરવામાં આવ્યો. વિચાર્યું હતું કે તેને ડોકટર બનાવવો છે,આથી તેને 'જીવવિજ્ઞાન' નો વિષય પણ ભણતા રહેવું જોઈએ. ભણવાનું શરૂ થયું.

બાળકે પરિશ્રમપૂર્વક ભણવાનું શરૂ કર્યુ. ઈન્ટર કક્ષાની પરીક્ષા સુધી તેણે પોતાની મહેનત જાળવી રાખી. સારા ગુણથી ઉત્તીર્ણ થયો. ત્યારબાદ મેડિકલ કોલેજમાં દાખલ થયો, પાંચ વર્ષ સર્જરી વગેરેમાં અભ્યાસ કર્યો, પરીક્ષા આપી, પાસ થયો.

આ રીતે એક પ્રાથમિક શાળામાં દાખલ થવાથી માંડીને ડોકટર બનવા સુધીની પ્રક્રિયા પૂરી કર્યા પછી જ તે કોઈ દવાખાનામાં ડોકટરની ખુરશી શોભાવી શક્યો. બાળકને પ્રાથમિક શાળામાં દાખલ કરાવતાં પહેલાં તેનું જે દર્શન કરાવ્યું હતું તે ફળદાયી નીવડ્યું. બાળકને ડોકટર બનાવવા માટે ભણાવવો હતો. એટલે સારી શાળાની શોધખોળ હતી. સાંભળ્યા પ્રમાણે યોગ્ય શાળાની જાણકારી મળી તો તેનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. દર્શનનું ઈચ્છિત ફળ પણ મળયું. સમયાનુસર બાળકે ડોકટર બનવામાં સફળતા પણ મેળવી. આમ દર્શનનું પ્રત્યેક્ષ પુણ્યફળ મળી ગયું.

હવે કોઈ વ્યક્તિ વિચારે કે, “અમુક સારી પ્રાથમિક શાળાની કૃપાથી ઘણા બાળકો ડોકટર થઈ ગયાં છે. માટે આપણે પણ તેનો લાભ લઈએ.” આ લાભ મેળવવા માટે તેને માત્ર એટલું જ જરૂરી લાગે છે કે ”આ શાળાનાં દર્શન કરી લઈએ, તેની પરિક્રમા લગાવી દઈએ, દંડવત પ્રણામ કરી લઈએ અને થોડા સમયમાં થોડો ખર્ચ કરીને આ કર્મકાંડ પૂરો કર્યા એટલે ઘેર આવી જોઈએ.” બસ, માત્ર આટલું કરવાથી બાળકને ડોકટર બનવાનું પુણ્યફળ મળી જશે. જ્યારે ઘણા બધાં બાળકો આ શાળાની કૃપાથી ડોકટર બન્યાં છે તો અમારું બાળક કેમ નહિ થાય ? આ રીતે વિચારનારની શ્રદ્ધા ભલે ગમે તેટલી અગાધ હોય અને એ શાળા પ્રત્યે ગમે તેટલો ઊંચો આદર ધરાવતા હોય તો પણ પોતાના બાળકને ડોકટર બનાવવામાં સફળ થઈ શકે નહિ. કારણ એટલું જ છે કે દર્શન અને ઈચ્છિત સફળતા આ બંનેની વચ્ચેની જે લાંબી મંજિલ છે તેના પ્રત્યે આંખ આડા કાન કરે છે. કેટલી મહેનત કર્યા પછી, કેટલો સમય લગાવ્યા પછી કેટલાં અસાધનો એકઠાં કર્યા પછી શાળાનો વિદ્યાર્થી ડોકટર બને છે. આ બધી બાબતોની ઉપેક્ષા કરવામાં આવે તે ઉચિત નથી. માત્ર શાળાનાં દર્શન કરવાથી ડોકટર બનવાનું વરદાન મળી જવાની આશા રાખવી એ નથી ઉચિત, નથી વિવેક સંમત. તે પૂરી થઈ પણ કેવી રીતે શકે.?

### દવાખાનાના દર્શનની ઝલક :

આપણું શરીર બીમાર છે. સાંભળ્યું છે, કે અમુક દવાખાનામાં આ રોગનો સારો ઇલાજ થાય છે. ઘણા દર્દીઓને સારું થઈ ગયું છે. શ્રદ્ધા વધી. સાચી સ્થિતિ જાણવા માટે ત્યાં ગયા. જોયું કે દવાખાનામાં ખરેખર સારી વ્યવસ્થા છે. દર્દીઓની સુવિધાનું પૂરું ધ્યાન રાખવામાં આવે છે. ડોકટરો સુયોગ્ય અને સેવાભાગી છે. આ રોગના નિષ્ણાત છે. ઘણા દર્દીઓ સાજા થઈ જાય છે, આવી જાણકારી મળવાથી શ્રદ્ધા વધી. હવે વધુ માહિતી મેળવવા માટે ઉત્કંઠા વધી. શું ઉપચાર કરવામાં આવે છે, કેટલો સમય લાગે છે, કઈ શરતો પૂરી કરવી પડે છે, કેટલું ખર્ચ કરવું પડે છે, વગેરે જિજ્ઞાસાઓના સમાધાન વિશે અધિકારીઓને પૂછવામાં આવતાં તેમણે બધું સંતોષકારક રીતે જણાવી દીધું. પૂરી જાણકારી મેળવ્યા પછી દવાખાનામાં દાખલ થયા.

ડોકટરોએ જેટલા દિવસ જે કરવા માટે, જેવી રીતે રહેવા માટે, જે પરેજી પાળવા માટે કહ્યું હતું તેવી રીતે રહ્યા. સારવાર ચાલતી રહી, રોગ ઘટતો ગયો, એક સમય આવ્યો કે રોગ સંપૂર્ણ મટી ગયો. દવાખાનાનાં વખાણ કરતા કરતા ઘેર આવી ગયા. પહેલા દિવસે દવાખાનાનાં દર્શન કરવા જે કામના લઈને ગયા હતા તે પૂર્ણ થઈ ગઈ. જેવું જાણવા મળ્યું હતું, જેવું સાંભળ્યું હતું તે અક્ષરશઃ સાચું નીકળ્યું.

એક બીજો માણસ આ જ રોગનો દર્દી હતો. તે આ દવાખાનાની પ્રશંસા સાંભળે છે, ત્યાં જાય છે, દર્શન કરે છે. ત્યારબાદ પરિક્રમા કરે છે. દંડવત પ્રણામ કરે છે. દરવાજા પર ફૂલહાર સમર્પિત કરે છે, દીવો સળગાવે છે. દવાખાનાની સ્તુતિ ગાય છે અને ઘેર ચાલ્યો જાય છે. વિચારે છે કે તેનું દર્શન – પૂજય રોગમુક્તિની ઇચ્છિત મનોકામના પૂરી કરી દેશે. આવી વ્યક્તિ મજાકને પાત્ર બની જશે, કારણ કે તે શરૂઆતની અને અંતની પ્રક્રિયાથી જ પરિચિત છે. તેને ફકત એટલી જ જાણકારી  કે આ દવાખાને જનાર બધા રોગમુક્ત થઈ જાય છે, પણ બિચારાંને એ ખબર નથી કે આદિ અને અંતની વચ્ચે ‘મધ્ય’ પણ એક તથ્ય હોય છે. કામના અને તેની પૂર્તિ વચ્ચે એક લાંબો અવરોધ પણ હોય છે, જેને લાંબી મંજિલની જેમ ક્રમબદ્ધ રીતે પાર કરવો પડે છે. આ મધ્યવર્તી સાધનાક્રમની ઉપેક્ષા કરવાથી ઈચ્છિત ઉદ્દેશ્ય કેવી રીતે પૂરો થઈ શકે ? આ કડવું સત્ય બિચારો ભાવુક માણસ સમજી જ શકતો નથી. દવાખાનાના દર્શન કરવાથી રોગમુકિતની આશા રાખીને બેસી રહે છે. તેની શ્રદ્ધા ભલેને ગમે તેટલી પ્રબળ કેમ ન હોય, સારવારનું કષ્ટસાધ્ય લાબું આયોજન કર્યા વગર દવાખાના દ્વારા મળી શકનાર લાભ કોઈને પણ કેવી રીતે મળી શકે ?

### બજારના દર્શનથી ધન-લાભ :

કોઈની પાસેથી સાંભળ્યું કે બજારમાં ઘણાબધા લોકો જઈને ખરીદ-વેચાણનો વેપાર કરે છે અને ધન કમાય છે. બજારમાં રોજ જતા-આવતા, તેના સંપર્કમાં રહેતા નિત્ય દર્શન કરનારા લોકો ધનવાન વેપારી બની જાય છે. હવે આવી ચર્ચા સાંભળીને એક બેકારી દૂર કરવા માટે ઇચ્છુક વ્યક્તિ બજારમાં જાય છે. ત્યાંના રંગ-ઢંગ જુએ છે.

તે ત્યાં ઘણાબધાને ખરીદ-વેચાણ કરતા અને નફો રળતા જુએ છે. તેની શ્રદ્ધા વધી કે વાત તો સાચી છે. અહીં બેકારી દૂર કરવાનાં તથા કમાણી કરવાનાં સાધનો ઉપલબ્ધ છે. હવે તે ત્યાંના માણસો સાથે પૂછપરછ કરે છે કે મારી સ્થિતિને અનુરૂપ અહીં કયું કામ કરવું મારા માટે સંભવ છે. જે સૂચનો સમજાયા તેને અપનાવતો ગયો. સતત પરિશ્રમ કરે છે, ભૂલો સુધારે છે, ધીરેધીરે વેપાર વધતો જાય છે અને છેવટે તે ખૂબ ધનવાન વેપારી બની જાય છે. બીજા મોટા વેપારીઓની જેમ બંગલો-ગાડી વસાવી લે છે. જે કોઈ પૂછે તેની આગળ બજારની પ્રશંસા કરે છે અને કહે છે કે આ બજાર જ સૌભાગ્ય વૃદ્ધિનું વરદાન છે. જે તેનાં દર્શન કરે છે તે અમીર બની જાય છે. તેની વાત અક્ષરશઃ સાચી અને અનુભવેલી પણ છે.

બીજી વ્યક્તિ બજાર દ્વારા ધનવાન બનવાની વાત સાંભળે છે, તેનું માહાત્મ્ય સાંભળી લલચાઈ ઊઠે છે. પ્રાતઃકાળે સ્નાન કરી, ચંદન લગાવી, હાથમાં અગરબત્તી, દીવો, પ્રસાદ, ફૂલ ચોખા વગેરે લઈને પહોંચી જાય છે. બજાર દેવતાની માનતા માને છે, સ્તુતિ કરે છે, પૂજા-ઉપહાર સમર્પિત કરે છે, પ્રદક્ષિણા કરે છે, સાષ્ટાંગ પ્રણામ કરે છે અને ઘેર ચાલ્યો આવે છે. વારંવાર વ્યાકુળતાપૂર્વક રાહ જુએ છે લ૧મીજી ક્યારે આવે, ક્યારે મોટરગાડી-બંગલો ખરીદી લઉં ,, આ રીતે પ્રતીક્ષા કરનારને બુધ્ધિમાન ન કહી શકાય, કારણ કે તેણે બજાર દ્વારા લ૧મી પ્રાપ્ત થવાની ચર્ચા માત્ર સાંભળી છે, પણ પૂરું તથ્ય સમજવાનો પ્રયત્ન કર્યો નથી. જો તેણે સાચી વસ્તુસ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો હોત તો પ્રતીતિ થાત કે બજારનાં દર્શન તો એક શુભ આરંભ માત્ર છે. અહીંથી એક લાંબી શૃંખલા પ્રારંભ થાય છે, જેની સાથે કઠોર પરિશ્રમ, અવિચળ ધૈર્ય, પર્યાપ્ત પ્રમાણમાં સમય, આવશ્યક સૂઝબૂજ તથા કઠોર સંઘર્ષના તાણાવાણા વણાયેલાછે. આ લાંબી મંજિલને જે સાહસપૂર્વક પાર કરી શકે છે, તે જ લક્ષ્મીને પામવાનો અધિકારી બની શકે છે. કદાચ આ તથ્ય જો તેને ખબર હોત, તો બજારનાં દર્શન માત્રથી લક્ષ્મી પ્રાપ્તિનું વરદાન મેળવવા માટે તલપાપડ થઈ બેસી ન રહેત.

દર્શનનો ઉદ્દેશ્ય અને પ્રયોજન :

શાળાનાં દર્શન ડૉક્ટરની પદવી આપવામાં દવાખાનાનાં દર્શન રોગમુક્ત કરાવવામાં અને બજારનાં દર્શન લક્ષ્મીની પ્રાપ્તિમાં નિશ્ચિત રીતે સમર્થ છે.

આથી દર્શનની કદાચ પ્રશંસા કરવામાં આવે, ઉપયોગિતા બતાવવામાં આવે, આવશ્યકતા પ્રતિપાદિત કરવામાં આવે તો તે યોગ્ય જ છે. એમાં જરાય અતિશયોક્તિ નથી, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે દર્શનથી ઇચ્છિત મનોકામનાઓની પૂર્તિ, ના પ્રતિપાદન પાછળ એક લાંબું 'કિંતુ-પરંતુ' લાગેલું છે. અને એ એટલું કડવું સત્ય છે કે તેની ઉપેક્ષા કરવાથી પ્રતિપાદનની આખી દીવાલ જ હચમચીને તૂટી પડે છે. ત્યાર પછી કોરી કલ્પનાઓ સિવાય તેનું બીજું કોઈ સ્વરૂપ રહેતું નથી.

બદનામ શેખચલ્લીની મજાક ફક્ત એટલાં માટે જ ઉડાવવામાં આવે છે કે તે પોતાના માથા પર મૂકેલા ઘીના ઘડામાંથી મળનારી મજૂરીના અમુક પૈસામાંથી તેના લગ્ન થવાની, બાળકો થવાની તથા તેમની મનોરંજન કરવા સુધીની મનોકામનાં થોડીક જ ક્ષણોમાં પૂર્ણ થવાનાં સપનાં જોઈ લે છે. પરંતુ તે એ ભૂલી ગયો કે ઘડો ઉપાડીને લઈ જવાની મજૂરી મળ્યા પછી તેણે કેટલા મનોયોગપૂર્વક સાધના કરવી પડશે, ત્યારે તે પૈસાથી મરઘી, મરઘીમાંથી ગાય, ગાયમાંથી ભેંસ, ભેંસ પછી લગ્ન લગ્ન પછી બાળકોનો ક્રમિક વિકાસ થયા પછી જ તેમની સાથે મનોરંજનનો લાભ મળશે. જો આ લાંબી મંજિલ પૂરી કરી શકવાને શક્તિમાન ન બની શકે, તો તેનાથી માત્ર કલ્પનાના ફુગ્ગા ઉડાવવા બિલકુલ નિરર્થક છે.

આપણે ભલે ગમે તે વિચારતા રહી, પણ મળશે કશું જ નહિ. શેખચલ્લી મિયાં એ આ કડવા સત્યને સમજી લીધું હોત તો સંભવતઃ તેમની યોજના અનુભવી, વ્યવહારબુદ્ધિ અને વિવેકશીલ લોકો જેટલી જ લાંબી અને વિસ્તૃત હોત. તો પછી તેની પૂર્તિમાં કોઈ મુશ્કેલી ન પડત. દુનિયામાં અસંખ્ય માણસો એવા થયા પણ છે કે જેમને ઓછામાં ઓછાં સાધનોની મદદથી પ્રગતિનાં ઉચ્ચતમ શિખરો સર કરવામાં સફળતા મેળવી છે. શેખચલ્લી પણ એવું કરી શક્યો હોત તો તેની ન તો મશ્કરી થાત, ન બદનામી થાત, ઊલટું તેની યોજનાનાં વખાણ થાત.

## માત્ર જોઈએ જ નહિ વિચારીએ પણ ખરા

‘દર્શન’ શબ્દ જોવાના અર્થમાં વપરાય છે. આ શબ્દનો બીજો અર્થ -વિવેચના અથવા વિચારણા પણ થાય છે. શુભદર્શન કરવું એ એક ઉત્તમ વાત છે, પરંતુ તેની ઉત્તમતા પાછળ એક વિવેચના અથવા વિચારણા સમાયેલી છે. આપણે તેના ઉપર ધ્યાન આપવું જોઈએ. તે તથ્યના આધારે ‘જોવા’ જેવી એક અત્યંત નાની ક્રિયાને આટલું મહત્વ મળ્યું છે તેની બાબતમાં આપણે અપરિચિત ન રહેવું જોઈએ, નહિતર પછી દેવ-પ્રતિમાઓથી માંડીને સંત-મહાત્માઓ સુધ્ધાંના દર્શનનું કોઈ મૂલ્ય નહિ રહે.

આપણે ગીતા, રામાયણ, વેદ-શાસ્ત્રોનું દર્શન કરીએ એ ઘણી સારી વાત છે, પરંતુ દર્શન કર્યા પછી તેમાં સમાયેલી પ્રેરણાઓને પણ જાણવી સમજવી જોઈએ. એટલું જ નહિ, એ પ્રેરણાઓને કાર્યાન્વિત કરવી જોઈએ. જે આટલું કરી શકે તેને જ ઉપર્યુક્ત ગ્રંથો-પુસ્તકો શ્રેય પ્રદાન કરી શકશે, જે માહાત્મ્ય જણાવ્યું છે તેને પણ પ્રત્યક્ષ પ્રમાણિત કરી શકશે. પરંતુ આ દર્શન કરવા પૂરતી જ વાતને શાસ્ત્રોના લાભનો આધાર માની લેવામાં આવશે તો આટલી તુચ્છ ક્રિયાથી, શાસ્ત્રોના માધ્યમથી મળી શકતું પુણ્ય ક્યારેય નહિ મળી શકે.

પુસ્તક વિક્રેતાઓના ગોદામમાં કિંમતી ગ્રંથરત્નનો અનાજના કોથળીઓની જેમ ભરેલા પડ્યા હોય છે, તેઓ તેને મૂકે છે, ઉપાડે છે, દેખભાળ કરે છે, પરંતુ તેનાથી નથી તેમની જ્ઞાનવૃદ્ધિમાં કોઈ મદદ મળતી, નથી તેના દ્વારા મળનારા પુણ્યનું પ્રયોજન સિદ્ધ થતું. પ્રેસવાળાઓને ત્યાં તો પુસ્તકોનો જન્મ જ થાય છે. તેઓ પુસ્તકો કંપોઝ કરવા, છાપવા તથા બાઈન્ડીંગ કરવા સુધીની બધી ક્રિયાઓ કરે છે. ગીતાના પ્રવક્તા ભલે શ્રીકૃષ્ણ હોય, છંદબદ્ધ ભલે વ્યાસજી કરી હોય, પરંતુ પુસ્તકને મૂર્ત રૂપ આપવાનું શ્રેય તો પ્રેસવાળાને જાય છે. તેમને પણ શ્રીકૃષ્ણ તથા વ્યાસજી પછી ત્રીજા નંબરના ગીતાના ઉદ્ગાતા કહેવામાં આવે તો કોઈ અતિશયોક્તિ ન ગણાય. તેમ છતાં ગીતા, વેદ-શાસ્ત્ર વગેરેના અધ્યયનથી જે લાભ મળવાની આશા રાખવામાં આવે છે તે આવા પુસ્તકવિક્રેતા કે પ્રેસવાળાઓને મળી શકશે ?

## ભાવનાઓ જ મૂળ આધાર છે :

મંદિરોમાં સ્થાપિત મૂતિઓ મૂર્તિકારોની કલા અને મહેનતનું પરિણામ છે. તેઓ પોતાના જીવનમાં અનેક દેવી-દેવતાઓ મૂર્તિઓ બનાવતા રહે છે, પરંતુ મીરાંને જે લાભ 'ગિરધર ગોપાલ'ની નાની મૂર્તિએ આપ્યો હતો તે લાભ શું આ મૂર્તિકારને મળે છે ? કારણ સ્પષ્ટ છે, કે મૂર્તિકાર માત્ર પથ્થરને ખોદે છે, ચીરે છે, કાપે છે, ઘસે છે. તેની કાર્યપદ્ધતિ અહીં સુધી જ સીમિત છે. દેવતાને હૃદયમાં બેસાડવા તથા એ ભાવનાઓને અનુરૂપ જીવનને બદલવા સાથે તેને કોઈ લેવા-દેવા નથી, પરિણામે તેને એ લાભ નથી મળતો જે એક ભાવુક ભક્તને એ જ મૂર્તિના માધ્યમથી મળે છે. આ જ વાત બુકસેલરો અને પ્રેસવાળાઓને પણ લાગુ પડે છે. તેઓ પુસ્તકોનો માત્ર વ્યવસાય કરે છે. એક શાકભાજી વેચનારને મન જે કિંમત બટાકાની હોય છે, એ જ કિંમત આ લોકોની દૃષ્ટિએ ગ્રંથોની હોય છે. આવી સ્થિતિમાં સ્વાધ્યાય દ્વારા જીવન-નિર્માણના પ્રયત્નમાં લાગેલા જ્ઞાન સાધકોની જેમ તેમને લાભ મળી પણ કેવી રીતે શકે?

જયાં સુધી દર્શનનું 'તત્વદર્શન' પણ આપણે હૃદયંગમ કરવા તત્પર ન થઈએ ત્યાં સુધી દર્શન અધૂરું છે. તીર્થોમાં, મંદિરોમાં અસંખ્ય લોકો દેવદર્શન માટે જાય છે. માત્ર મૂર્તિઓને નિહાળે છે. હાથ જોડી કે એક બે પૈસા ચઢાવી દીધા અથવા ફૂલ પ્રસાદ વગેરે નાનો મોટો ઉપહાર આપી દીધો, માત્ર આટલું કરવાથી જ તેઓ એવી આશા રાખે છે કે તેમના આવવાથી દેવતાઓ પ્રસન્ન થઈ જશે, આભાર માનશે અને બદલામાં મનોકામનાં પૂર્ણ કરી દેશે. મોટા ભાગના દર્શનાર્થીઓની લગભગ આ જ માન્યતા હોય છે, પણ આપણે એ વિચારીએ કે શું આ માન્યતા સાચી છે ? શું આની પાછળ કોઈ તથ્ય પણ છે કે પછી એક ભ્રમ-પરંપરાથી ભ્રમિત થઈ લોકો આમતેમ અમસ્તાં જ ભટક્યા કરે છે ?

ઈશ્વર એક છે, સર્વત્ર વ્યાપ્ત છે. તેની ઉપસ્થિતિ કણ-કણમાં રહેલી છે. કોઈ સ્થળે તે વધારે નથી કે ઓછો નથી. ભાવનાપુર્વક જયાં પણ તેને શોધવામાં આવશે ત્યાં હાજર હશે અને ભાવના નહિ હોય ત્યાં તેનો અસ્તિત્વનો અનુભવ નહી થાય.

પરંતુ જેને ગંગાની દિવ્યશક્તિ પ્રત્યે આસ્થા નથી તે ગંગામાં નહાતાં નહાતાં પણ જૂઠું બોલતા હોય છે, તેમાં તેમને કોઈ ખચકાટ થતો નથી. ગંગાસ્નાન કરવા-કરાવવાનો વ્યવસાય કરનારા લોકો આખો દિવસ ગંગાકિનારા પર જ આડેધડ જૂઠું બોલતા હોય છે તેમને પેલા ગ્રામીણની જેમ કોઈ સંકોચ થતો નથી, કે જે શીશીમાં ભરેલું થોડુંક ગંગાજળ હાથમાં રાખીને જરા જેટલું અસત્ય બોલતા પણ ગભરાય છે. ગંગાનું મહત્વ એટલું નથી, જેટલું આસ્થાનું છે. આસ્થા ન હોય તો પાણીનું કોઈ મહત્વ નથી. કેટલીક નહેરો અને તળાવોમાં ગંગાજળ ભરેલું હોય છે, પણ આસ્થાના અભાવ એ જળ કોઈ ધાર્મિક પ્રયોજન સિદ્ધ કરી શકતું નથી. ગંગાજળના દર્શન તો તેમાં નાવ ચલાવનારા અને અને માછલાં પકડનારા પણ કરે છે, પરંતુ જયાં સુધી જળદર્શનની સાથે સાથે ભાવદર્શન પણ જોડાય નહિ, ત્યાં સુધી તેમને તે પુણ્ય લાભ કેવી રીતે મળશે ?

### સત્પુરુષો અને તેમનાં દર્શન :

વ્યક્તિઓના દર્શનમાં પણ આ જ વાત લાગુ પડે છે. કોઈ સંત, મહાત્મા, જ્ઞાનીના શરીરનું દર્શન ત્યારે જ ઉપયોગી નીવડે છે જ્યારે તેમને જોયા પછી તેમને સાંભળવાનો, સમજવાનો અને વિચારવાનો પણ પ્રયત્ન કરવામાં આવે. સત્પુરુષના શરીર દર્શનથી જે પ્રેરણા મળે છે, તેને એક ડગલું આગળ વધારવી જોઈએ. તેમની મહત્તમ ક્યાં કારણો, ક્યાં ગુણોના લીધે છે તે સમજવું જોઈએ.

જે સદ્દગુણોએ, જે આદર્શોએ, હાડમાંસના એક વ્યક્તિને બીજા લોકો કરતાં વધારે શ્રેષ્ઠ, સન્માનિત બનાવ્યો છે તેને વધારે શ્રદ્ધા, વધારે ભાવના, વધારે તન્મયતાથી જોવા જોઈએ. એટલું જ નહિ, એ શ્રેષ્ઠતા પોતાની અંદર પણ ઓતપ્રોત થવાનું એક ભાવપૂર્ણ કલ્પનાચિત્ર હૃદયંગમ કરવું જોઈએ. શરીરદર્શન તેમજ ગુણચિંતનથી જે પ્રેરણા પ્રાપ્ત થાય તેના આધારે જ પોતાને આગળ વધારવાની દિશા નિર્ધારિત કરવી જોઈએ. જો આટલું કામ થઈ શક્યું તો સમજવું કે દર્શન સાર્થક થયું છે. જેમને આ પ્રમાણેની માનસિક સ્થિતિમાં મહાપુરુષોનાં દર્શન કર્યાં છે, તેઓ ધન્ય થઈ ગાય. તેમને એ લાભ મળી ગયો જે દર્શનથી મળવો જોઈએ. પરંતુ જેમણે આંખોની પલક માત્ર ખોલીને બાહ્ય કલેવર જોયું,

તેમને કંઈ પણ મળ્યું નહિ, તેઓ ખાલી હાથ જ રહી ગયા.

ગાંધીજીનું ભાવદર્શન કરનાર નહેરુ, સરદાર પટેલ, વિનોબા રાજેન્દ્રપ્રસાદ જેવા વ્યક્તિત્વો ધન્ય થઈ ગયાં. તેઓએ ગાંધી દર્શનનું પ્રત્યક્ષ પુણ્યફળ પ્રાપ્ત કરી લીધું, પણ જે લોકો કેવળ તેમના શરીરને જ જોતા રહ્યા, માત્ર જોતા જ નહી, તેમના શરીરની સેવા માટે નાયી, ધોબી, ડ્રાઈવર, રસોઇયો, નોકર જેવાં કામો વર્ષોથી કરતા રહ્યા, તેમનામાં કોઈ રત્તીભાર પણ ફરક પડયો નહિ. તેમને પગાર પેટે કર્મચારીઓને મળતા સાધારણ અર્થ -લાભ સિવાય વધારાનો કોઈ લાભ મળ્યો નહિ.

વિનોબાજીએ ગાંધીજીના પગ દબાવવા, માલિશ કરવી, હજામત બનાવવી જેવાં કાર્યોથી નિકટતમ દર્શન ભલે ન કર્યા હોય, પણ તેમણે ગાંધીજીના તત્વજ્ઞાનને ઝીણવટથી જોયું, શીખ્યા અને જીવનમાં અપનાવ્યું. જે લોકો ગાંધીજીની નિત્ય શારીરિક સેવા તથા સરસંભાળ કરતા હતા અને રાતદિવસ તેમની આજુબાજુ જ વળગી રહેતા હતા, તેમનો કોઈ પત્તો જ નથી. જો શરીર દર્શનથી કંઈક લાભ થયો હોત તો સતત ગાંધીજીની સાથે જ રહેતા લોકો નહેરુ, પટેલ, વિનોબા વગેરે કરતાં ચોક્કસ વધારે ઉચ્ચ કોટિના મહાપુરુષ બની ગયા હોત

### પ્રેરણા જરૂરી તો છે પણ પૂરતી નથી :

પ્રારંભિક પ્રેરણાના રૂપમાં સ્થૂળ દર્શન એટલે કે શરીર અથવા મૂર્તિના દર્શન એક હદ સુધી ઉપયોગી થઈ શકે છે. દેવસ્થાનમાં જવાથી આસ્તિકતાનો ભાવ પેદા થાય છે. ભૌતિક જીવન તરફથી આધ્યાત્મિકતા તરફ ઝુકાવ આવે છે. ઈશ્વરનું સ્મરણ થઈ આવે છે. આ એક પ્રાથમિક સંકેત લાભ છે. માત્ર આટલું પુણ્ય તો છે, પણ છે રતીભર જ. સ્મશાનમાં જવાથી થોડી ક્ષણો માટે વૈરાગ્યનો ભાવ પેદા થાય છે, પરંતુ પીઠ ફેરવતાં જ તે વિલીન થઈ જાય છે. ઘણા દિવસો પછી ફરી સ્મશાન જવામાં આવે તો તે ભાવ ફરી પણ ઓછી-વત્તી માત્રામાં પેદા થાય છે, પરંતુ જો પોતાના ખેતરમાં જવાનો રસ્તો સ્મશાન પાસેથી જ પસાર થતો હોય અને વારંવાર તેને જોવાની તક મળતી હોય તો તે વૈરાગ્ય ભાવ જાગવાનો પણ બંધ થઈ જાય છે.

તીર્થોમાં બહારના લોકો શ્રદ્ધા -ભક્તિપૂર્વક જાય છે અને મંદિરોનાં દર્શન કરી ભાવવિભોર થાય છે, પરંતુ જેઓ મંદિરની આજુબાજુ રહે છે, તેમના મનમાં કોઈ આકર્ષણ પેદા થતું નથી. કાયમ માટે આંખો આગળ રહેવાથી તેમને સાધારણ વસ્તુ જેવું જ લાગે છે. જો સ્થૂળ દર્શનમાં જ કોઈ વિશેષતા અથવા મહત્તા રહેતી હોત તો મંદિરની નજીક રહેનારા, તીર્થોમાં નિવાસ કરનારા અથવા સત્પુરુષોના સાથી તરીકે રહેનારાઓના જીવનક્રમમાં કોઈ વિશેષ શ્રેષ્ઠતા જરૂર ઉત્પન્ન થાત, પરંતુ વાસ્તવમાં આવું બિલકુલ જોવા મળતું નથી. સ્મશાનમાં જો વૈરાગ્ય ઉત્પન્ન કરવાની ક્ષમતા રહેતી હોત, તો ત્યાંથી પસાર થનાર વ્યક્તિઓ ચોક્કસ જ વૈરાગી બની ગયા હોત.

ભગવાન બુદ્ધે જીવનમાં પ્રથમ વાર જ એક રોગી, એક વૃદ્ધ તથા એક લાશના દર્શન કર્યા અને તે જીવન દર્શનના ઊંડાણ સુધી ઊતરી ગયા. પરિણામે તેમને પોતાની વિચાર-પદ્ધતિ અને કાર્યપ્રણાલિમાં ભારે ફેરફાર કરવો પડ્યો. રાજમહેલ છોડીને તેઓ ઘોર જંગલમાં ચાલ્યા ગયા. ભોગવિલાસનો ત્યાગ કરી કઠોર તપ કરવા લાગ્યા.

દર્શનની સાર્થકતા એમાં જ છે. આવું જ દર્શન પુણ્યફળદાયક નીવડે છે. ભલે તીર્થના દર્શન કરવામાં આવે, ભલે દેવ પ્રતિમાઓના કે સંતપુરુષોના દર્શન કરવામાં આવે, પણ તેને આંખોથી માત્ર જોઈ લેવાને જ પૂરતું ન માનવું જોઈએ.

બાહ્ય કલેવરને જોવું એ ધ્યાનાકર્ષિત કરવાનો પ્રાથમિક ઉપચાર હોઈ શકે છે, પણ આટલી સીમામાં જ બંધાઈ ન રહેવું જોઈએ. જો આટલાંને જ પર્યાપ્ત માની લેવામાં આવે, આટલાંથી જ ભરપૂર ફળપ્રાપ્તિની આશા બાંધી લેવામાં આવે તો સમજવું જોઈએ કે સાચી વસ્તુસ્થિતિને સમજવામાં આવી નથી. જો કોઈ બાળક હાથમાં પાટી-પેન પકડતાં વેંત જ એક એક ધોરણ પાસ થયા પછી જે લાભ મળે છે,

તેને તાત્કાલિક મેળવવાની આશા રાખવા લાગે અને એક એક ધોરણ સુધી ભણવાની કષ્ટસાધ્ય પ્રક્રિયાને ભુલાવી દે, તો તેને તે બાળકની અણસમજ જ કહેવી જોઈએ. આપણામાંથી મોટા ભાગના દર્શનાર્થીઓ લગભગ આવી જ અણસમજ કરતા રહે છે.

### ફળ માટે કર્મ આવશ્યક :

આપણે જાણવું જોઈએ કે કોઈ પ્રયોજન કર્મ દ્વારા જ સિદ્ધ થાય છે. કર્મની પ્રેરણા પ્રખર વિચારોથી જ મળે છે, વિચારોનો વિકાસ સ્વાધ્યાય તેમ જ સત્સંગથી થાય છે અને આવું વાતાવરણ જયાં પણ હોય, ત્યાં તે વ્યક્તિઓ, સ્થાનો, સંતો અને તીર્થોને જોવા જવા માટેની અભિરુચિ અથવા સુવિધા ઉત્પન્ન કરે છે, જેનાથી સ્વાધ્યાય-સત્સંગનો લાભ મળી શકે. પ્રાચીનકાળમાં તીર્થોનું નિર્માણ આ જ ઉદ્દેશ્યથી થયું હતું. ત્યાં ઋષિ મનીષીઓનો નિવાસ રહેતો હતો અને બહારથી આવતા જિજ્ઞાસુઓ, તીર્થયાત્રીઓને તેઓ પ્રેરણા, શિક્ષણ તથા માર્ગદર્શન આપતા હતા. જેનાથી અભાવ કષ્ટ તથા ઉદ્વેગથી ભરેલું જીવન સુખ-શાંતિ, પ્રગતિ તથા સમૃદ્ધિની દિશામાં પરિવર્તિત થઈ શકે. આ પ્રશિક્ષણ જ તીર્થોના પ્રાણ સમાન હતું. આવા પુનીત સ્થળોએ ભગવાનનાં મંદિરો પણ હોવા જોઈએ અને હતાં પણ ખરાં. સૌને સત્સંગમાંથી પ્રેરણા મળતી હતી. કેટલા દિવસ આ બદલાયેલા વાતાવરણમાં રહીને લોકો જે પ્રકાશ પામતા હતા, તેનાથી તેમની કાર્યપદ્ધતિ જ બદલાઈ જતી હતી. જયાં જીવનક્રમ બદલાય ત્યાં પરિસ્થિતિઓનું બદલાવું પણ સ્વાભાવિક છે. શુભ દિશાનું પરિવર્તન મનુષ્ય માટે કલ્યાણકારક જ હોય છે. તીર્થોમાં જઈને જેણે આ લાભ પ્રાપ્ત કરી લીધો, તે આ પુણ્યફળનો અધિકારી બની જ ગયો. તેને સત્પરિણામો તેમ જ સ્વર્ગ પ્રાપ્તિનો સંતોષ મળવામાં કોઈ શંકા ખરી ?

### દેવદર્શન સાથે ભાવનાનો સમન્વય :-

દેવદર્શનની સાથેસાથે એવી ભાવના અવિચ્છિન્ન રીતે જોડાયેલી રહેવી જોઈએ કે દિવ્યતા જ શ્રદ્ધા તેમ જ સન્માનની અધિકારિણી છે. આપણે દેવ-પ્રતિમાના માધ્યમથી વિશ્વવ્યાપી દિવ્યતાની સમક્ષ આપણું મસ્તક ઝુકાવીએ, તેનો પ્રકાશ પોતાના અંતઃકરણમાં ધારણ કરીએ અને જીવનનો કણકણ દિવ્યતાથી ઓતપ્રોત કરીએ. દેવતાનો અર્થ છે – દિવ્યતાનો પ્રતીક-પ્રતિનિધિ. આદર્શવાદ દેવતા છે, કર્તવ્ય દેવતા છે, પ્રેમ દેવતા છે, સાહસ દેવતા છે, સંયમ દેવતા છે, દાન દેવતા છે, કારણ કે તેની પાછળ દિવ્યતાની અનંત પ્રેરણા વિદ્યમાન રહેલી છે.

ભલે માણસ હોય કે નદી, તળાવ હોય કે દેવ-પ્રતિમા, આપણે જેમાં પણ દિવ્યતા જોઈશું તેમાં દેવત્વ પણ પરિલક્ષિત થશે અને જયાં દેવત્વ હોય તેનું શ્રદ્ધાપૂર્ણ સન્માન તેમ જ અભિવાદન થવું જ જોઈએ. દેવ -પ્રતિમાને જ્યારે ઈશ્વરની પ્રતીક કે પ્રતિનિધિ માનવમાં આવે ત્યારે તેની આગળ મસ્તક ઝૂકી જ જશે. જ્યારે કણ-કણમાં ઈશ્વર સમાયેલો છે, તો દેવ પ્રતિમાવાળો પથ્થર પણ તેની સત્તાથી રહિત હોઈ શકે નહિ.

આ રીતે દેવ-પ્રતિમામાં ઈશ્વરની માન્યતા સ્થાપિત કરીને શ્રદ્ધાપૂર્વક તેની આગળ મસ્તક ઝુકાવવામાં કોઈવાંધો નથી, લાભ જ છે. જે ભાવ આખા દિવસ દરમિયાન અન્ય પ્રસંગોએ બની શકતો નથી તે દેવદર્શનના માધ્યમથી થોડીક વાર માટે તો પ્રાપ્ત થઈ જ જાય છે. આ દૃષ્ટિએ તો એ ઉત્તમ જ છે, પરંતુ ભૂલ ત્યાં થાય છે કે આપણે માત્ર એટલી પ્રારંભિક ક્રિયાને જ લક્ષ્ય પૂર્તિનો આધાર માની લઈએ છીએ. આ તો એવી વાત થઈ કે જાણે કોઈ દવાખાનાના દર્શનથી રોગમુક્તિ, શાળાના દર્શનથી સ્નાતકની ઉપાધિ મળવાની આશા રાખવી.

જો કે દવાખાનાં રોગમુક્ત કરે છે અને શાળાઓ કૉલેજો સ્નાતકો તૈયાર કરે છે એમાં કોઈ બે મત નથી પરંતુ લાંબા સમય સુધી એક ક્રમબદ્ધ આચરણ કરવું પડે છે, ત્યારે તે લાભ મળવો સંભવ બને છે.

આ રીતે દેવદર્શનથી જે પ્રારંભિક ઉત્સાહ તથા ધ્યાનાકર્ષણ થાય છે, તેને સતત જાળવી રાખીને જો આત્મનિર્માણની મંજિલ પર ચાલતાં રહેવામાં આવે, તો સમયાનુસાર એ દિવસ જરૂર આવશે, જ્યારે ઈશ્વર-દર્શન, સ્વર્ગ-મુક્તિ વગેરે મનોકામનાઓ પૂરી થશે, પણ કોઈ તીર્થ કે દેવમંદિરની મૂર્તિને આંખોથી જોવાથી કે પૈસા  ચઢાવી દેવા માત્રની ક્રિયા કરીને એવી આશા રાખવી કે 'હવે અમે ધન્ય થઈ ગયા, અમારી સાધના પૂરી થઈ ગઈ' એ બિલકુલ ઉપહાસાસ્પદ છે.

આ જે લાખો તીર્થયાત્રીઓ આવા જ લાભની આશાથી જુદાં જુદાં  તીર્થોની યાત્રાઓ કરે છે, જે જીવન સાધનાની તપશ્ચર્યા દ્વારા આત્મનિર્માણનું પ્રયોજન પૂરું થયા પછી જ મળી શકવો સંભવ બને છે.

## ઘોડો લાકડાનો નહિ, પ્રાણવાન હોવો જોઈએ :

નાનાં બાળકો લાકડાની કાઠીનો ઘોડો બનાવી તેના ઉપર સવાર થાય છે અને ઘોડેસવારીનો અનુભવ કરે છે. આ રીતે તેઓ પોતાનું મન મનાવી શકે છે, પરંતુ શું ખરેખર ઘોડો મળ્યાનો લાભ મળી શકે ખરો ? સારો ઘોડો બજારમાં વેચવાથી કોઈ તેના હજારો રૂપિયા આપી શકે છે, પણ બાળકને આ લાકડાના ઘોડાના સો રૂપિયા પણ મળશે નહિ. ઉત્તમ ઘોડા પર સવાર થઈને એકાદ કલાકમાં તો આઠ-દસ ગાઉ જઈ શકાય છે, પરંતુ લાકડાનો ઘોડો તો થોડે દૂર સુધી પણ ભાર વહન કરી શકતો નથી, ઊલટું બાળકે જ હાથમાં પકડીને તેને ઢસડવો પડે છે. મનને ફોસલાવવાની વાત જુદી છે. તે તો સસ્તામાં સસ્તાં સાધન દ્વારા પણ થઈ  શકે છે. નાટકમાં કોઈ સામાન્ય વ્યક્તિ પણ રાજા બની શકે છે. રાજા જેવાં કપડાં પહેરીને, રાજા જેવો  અભિનય કરીને થોડી વાર માટે કોઈ પોતાને રાજા અનુભવી શકે છે, પણ વસ્તુસ્થિતિ તો વસ્તુસ્થિતિ જ રહેશે. આ રીતે નાટકનો રાજા બનવાથી કોઈ રાજ-પાટનો અધિકારી બની શકતો નથી કે નથી તેને એવી સુખ-સુવિધા મળી શકતી, જે અસલી રાજાઓ પાસે હોય છે.

દેવદર્શન કરવાથી સ્વર્ગ-મુક્તિ પ્રાપ્ત થવાની આશા રાખવી એ લાકડીના ઘોડા પર ચઢેલા ઘોડેસવાર જેવી મન મનાવવાની ભાવભરી કલ્પના તો છે, પણ તેમાં કોઈ તથ્ય છે કે નહિ એ વાત જુદી છે. તેનો જવાબ મેળવવા માટે આપણે એ વિચારવું પડશે કે, જ્યારે નાના નાના સાંસારિક લાભો માટે જીવનભર તનતોડ મહેનત કરી પરસેવો પાડવો પડે છે, ત્યારે આધ્યાત્મિક લાભ, કે જે ભૌતિક લાભ કરતાં અનેકગણો મહત્વપૂર્ણ તેમ જ અઘરો છે, તે શું પ્રતિમા-દર્શન જેવા અતિશય સરળ સાધનો દ્વારા  મળી જશે ? જો તે આટલો સસ્તો જ હોત તો સ્વર્ગ-મુક્તિ જેવા લાભોની કોઈ ખાસ કિંમત ન રહેત. દેવ-પ્રતિમાઓ સર્વત્ર હોય છે. લગભગ દરેક વ્યક્તિ ક્યાંક ને ક્યાંક કોઈ દેવ-પ્રતિમાને કોઈ ને કોઈ ઉદ્દેશ્યથી જોઈ લે જ છે. પણ જો દર્શન માત્રથી મુક્તિ સંભવ બનતી હોત, તો દુનિયાના મોટા ભાગના લોકોને તે અનાયાસે જ મળી ગઈ હોત અને પછી કોઈએ તપ, ત્યાગ, સંયમ, સેવા જેવાં અઘરા કાર્યો કરવાની કોઈ આવશ્યકતા કે ઉપયોગિતા જ ન રહેત.

સારું તો એ છે કે આપણે બાળવિનોદની આદત છોડીએ અને દરેક વાતના ઊંડાણમાં ઊતરીને તેની વાસ્તવિકતા સમજવાનો પ્રયત્ન કરીએ. આ જ બુદ્ધિમત્તાનો માર્ગ છે. આનાથી કંઈક પ્રયોજન સિદ્ધ થાય છે. સૌ ઈશ્વરના પુત્રો છે, પરંતુ તેનો અનુગ્રહ તેમને જ પ્રાપ્ત થાય છે, જેઓ પોતાની પાત્રતા સિદ્ધ કરે છે.

ગુણ, કર્મ અને સ્વભાવને ઉત્કૃષ્ટ તેમ જ આદર્શવાદી બનાવીને પોતાનામાં દેવત્વ વધારે છે અને જયાં દેવત્વ હોય છે ત્યાં જ દેવતાઓ અનુગ્રહ વરસાવે છે. જયાં સુગંધિત ફૂલો હોય છે, ત્યાં ભ્રમર જ આવે છે.

ગંદા કાદવમાં કોઈ ભમરો શું કરવા આવશે ? દેવતાની અનુકંપા એવા આત્માઓને જ પ્રાપ્ત થાય છે, જે પોતાની અંદર દેવત્વ જાગૃત કરે છે. આત્માને પરમાત્મા સુધી પહોંચાડવા માટે આ મંજિલ કોઈ પણ હિસાબે પાર કરવી જ પડશે. તેની ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

આ મંજિલ પૂરી કરવા માટે અનેક ધાર્મિક કર્મકાંડ, અનુષ્ઠાન તેમજ આયોજનની આવશ્યકતા રહે છે. આમાંનું એક નાનું એવું આયોજન દેવદર્શન પણ હોઈ શકે છે. જો દેવદર્શન કર્યા પછી મન બદલાય અને અસુરતાથી વિમુખ થવાની અને દેવત્વ તરફ ચાલવાની પ્રેરણા મળે તો દેવદર્શન સાર્થક થયું એમ સમજવું જોઈએ અને જો એવું માની લેવામાં આવે કે ‘દર્શનથી અત્યાર સુધીનાં પાપો કપાઈ ગયાં, હે આગળ બીજાં નવાં પાપો ભેગાં થશે, તો ફરી પાછું થોડું ભાડું ખર્ચી દર્શન કરી જઈશું’, તો એમ માનવું જઈએ કે આવું દર્શન ઊલટાનું ભ્રમ ઉત્પન્ન કરનારું નીવડશે, કારણ કે પાપના દંડમાંથી બચવાની સરળ યુક્તિ મળી જવાથી માણસ તે બાજુથી નિર્ભય તથા નિઃશંક બની જશે.

આ રીતે જેણે એવું માની લીધું કે, ‘દેવતાનાં દર્શન કરી તેમની સાથે દોસ્તી કરી લઈએ અને એ દોસ્તીના આધારે સ્વર્ગ-મુક્તિ જેવી સુવિધા કોઈ પણ મૂલ્ય ચૂકવ્યા વગર પ્રાપ્ત કરી લઈશું. તો પણ એવું જ કહેવું પડશે, કે આવા દેવદર્શનને આપણને એવી ભ્રાન્તિમાં ધકેલી દીધા, જે ક્યારેય સંભવ થઈ શકે તેમ નથી.

### ગોળ ચૂસણી ચૂસવાથી શું મળશે ?

નાનાં બાળકો જ્યારે રડે છે, ત્યારે તેમને દૂધ આપવાનું ન હોય તો ગ્લિસરીન ભરેલી ગોળ ચૂસણી તેના મોંમા મૂકી દેવામાં આવે છે. બાળક તેને ચૂસતું રહે છે અને એવો અનુભવ કરે છે કે જાણે તે દૂધ પી રહ્યું છે. બાળકનું મન બદલાઈ જાય છે અને તે રડવાનું બંધ કરી દે છે. જો કે તેનું પેટ ભરવાની કોઈ વાત આ ચૂસણીમાં હોતી નથી. તેનો હેતુ એટલો જ હોય છે કે બાળકની તડપન -આકાંક્ષા થોડીવાર શાંત થઈ જાય. આવો જ ઉદ્દેશ્ય આ છૂટાછવાયા ધાર્મિક ક્રિયાકાંડથી પણ પૂરો થાય છે, જે કરવામાં અતિશય સરળ હોય છે. થોડો ઘણો સમય અને થોડા ઘણા પૈસા ખર્ચીને કોઈ પણ તેને પૂરાં કરી શકે છે. આ ક્રિયાકૃત્યોનું મહત્વ એટલું બધું વધારીને બતાવવામાં આવે છે કે બાળક – બુદ્ધિના લોકો માત્ર આટલું જ કરવાથી મોટી મોટી આશાઓ બાંધી દે છે.

દરેક વ્યક્તિની અંદર એક આંતરિક તડપન રહેતી હોય છે, કે તે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી ઊંચો ઊઠે અને આત્મિક વિભૂતિઓનો આનંદ ઉઠાવે. જેવી રીતે ભૂખ અને કામવાસના શરીરને ઉદ્વિગ્ન કરે છે, તેવી જ રીતે આત્માને ઉત્કૃષ્ટતાની ભૂખ સતાવતી રહે છે. ઈશ્વરમિલન, બ્રહ્મનિર્વાણ, આત્મવિકાસ વગેરે આ આકાંક્ષાનાં જ નામ છે. આ કોઈ જાદુ મંતર કે ક્રિયા કલાપ માત્રથી જ પૂરી થઈ શકતી નથી, પરંતુ એક એક ડગલું ચાલી પોતાના દોષદુર્ગુણોનો પરિષ્કાર કરતાં કરતાં, દિવ્ય તત્વોનો અભ્યાસ કરતાં કરતાં પ્રાપ્ત કરી શકાય છે.

આત્મિક દૃષ્ટિએ શ્રેષ્ઠ બનવા માટે સંયમ, ત્યાગ અને સેવાનો માર્ગ અપનાવવો પડે છે. આ અઘરું, સમયસાધ્ય તેમજ શ્રમસાધ્ય છે. ડગલે ને પગલે પોતાની જાત સાથે સંઘર્ષ કરવો પડે છે. કુસંસ્કારને કચડી નાખવા પડે છે અને સત્પ્રવૃત્તિઓનો અભ્યાસ કેળવવા માટે સાધના કરવી પડે છે. આ જ તો તપશ્ચર્યાનો, ઈશ્વરપ્રાપ્તિની સાધનાનો એક માત્ર માર્ગ છે. પ્રાચીનકાળના ઋષિ-મુનિ, મહાપુરુષ તેમ જ સદ્દગૃહસ્થ વગેરે આ જ સાધનામાં નિરંતર લાગેલા રહીને આત્મિક લક્ષ્ય પૂર્ણ કરતા હતા. જે માર્ગ પ્રાચીનકાળમાં લાગેલા રહીને આત્મિક લક્ષ્ય પૂર્ણ કરતા હતા.

જે માર્ગ પ્રાચીનકાળમાં હતો, તે આજે પણ છે. તેનો કોઈ વિકલ્પ નથી. જો કોઈ સરળ રસ્તો હોત, તો ઋષિઓને આજીવન આવી રીતે કષ્ટસાધ્ય સાધનાઓ ન કરવી પડી હોત. તેઓ પણ આપણી જેમ જ કોઈ સસ્તા ઉપાડ શોધી લેત. તેઓ પણ આપણી જેમ ભૌતિકતામાં ગળાડૂબ રહીને પણ ઈશ્વરપ્રાપ્તિ, સ્વર્ગપ્રાપ્તિ, મોક્ષ પ્રાપ્તિનો બેવડો લાભ મેળવાનું શું કામ ચૂકત ? તેઓ આપણથી વધારે બુદ્ધિશાળી હતા, મૂર્ખ નહિ. જો સસ્તા ઉપાયો કારગત નીવડતા હોત તો તેમણે અવશ્ય શોધી જ કાઢયા હોત અને અપનાવ્યા હોત, પરંતુ તેઓ જાણતા હતા, કે ઈશ્વરનો સનાતન નિયમ અપરિવર્તનીય છે. આત્મશોધન વગર, આત્મનિર્માણ વગર, આત્મવિકાસ વગર, આત્મકલ્યાણ કદાપિ સંભવ થઈ શકશે નહિ. આ માન્યતાના આધારે પ્રાચીન ભારતનો દરેક નાનો મોટો નાગરિક પોતપોતાની રીતે જીવન નિર્માણની સાધનામાં સંલગ્ન રહેતો હતો અને આત્મકલ્યાણનું લક્ષ્ય પ્રાપ્ત કરતો હતો..

### આપણી મૂર્ખતાપૂર્ણ બુદ્ધિમાની :

આપણે પોતાની રીતના અનોખાં બુદ્ધિમાન છીએ, કે જેમણે સસ્તામાં સસ્તા મૂલ્યમાં કીમતી ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરવાની અનેક તરકીબો શોધી કાઢી છે. આપણી માન્યતા છે, કે અમુક તીર્થ, દેવ-પ્રતિમા કે સંતના દર્શન કરી લેવા માત્રથી આત્મકલ્યાણનું લક્ષ્ય અત્યંત સરળતાપુર્વક પ્રાપ્ત કરી શકાય છે. હવે વિચારણીય એ છે કે શું આપણી આ માન્યતા સાચી હોઈ શકે છે ?

વિવેકશીલ ઉત્તર એક જ હોઈ શકે છે – ના, કદી પણ નહિ. કાશીમાં નિવાસ કરવાથી જો માણસ સ્વર્ગમાં જતો હોત તો ત્યાં રહેનારા દુષ્ટ દુરાચારીઓને પણ સદ્દગતિ મળી જાત. પછી કર્મફળ જેવો કોઈ સિદ્ધાંત જ બાકી ન રહેત, ત્યારે કોઈને સત્કર્મ કરવાની આવશ્યકતા ન સમજાત, ઈશ્વરીય ન્યાય તેમજ વ્યવસ્થા જેવી કોઈ વસ્તુ પણ આ સંસારમાં ન હોત. ત્યારે પક્ષપાતની ખેંચતાણની જ બોલબાલા રહેત. ભ્રષ્ટાચારી પ્રધાનોનાં સગાંસંબંધીઓ અને નજીકનાં લોકો જેવો લાભ ઉઠાવતા રહે છે એવો જ લાભ કાશીપતિ સાથે જેમની ઓળખાણ થઈ ગઈ તેઓ કાશીમાં રહેવાને કારણે ઉઠાવતા હોત.

તો માણસોને પક્ષપાત કરવાથી દોષ કેવી રીતે દઈ શકાય ?

જ્યારે દર્શન કરવા માત્રથી દેવતાઓ એટલાં પ્રસન્ન થઈ જતા હોત કે જેથી જીવન નિર્માણની સાધનાના લાંબા રસ્તા પર ચાલનારા કરતાં પણ વધારે લાભ વાતવાતમાં આપી દેતા હોય, તો એવા લોકોની નજરમાં દર્શન કરતાં મોટી વાત બીજી કઈ હોઈ શકે ?

### વ્યવસ્થિત વિશ્વનું દરેક કાર્ય વ્યવસ્થિત :

આ વિશ્વ સુદઢ ન્યાય તેમજ વ્યવસ્થાના આધારે ચાલી રહ્યું છે. ઈશ્વર જો એવો ઢચુંપચું હોય કે કર્મફળના બદલે નાનાંનાનાં ક્રિયાકૃત્યોને જ સર્વસ્વ માની બેસે તો તેની સત્તા ઉપહાસાસ્પદ બની જશે. અહીં પહેલાં પણ આવું બન્યું નથી અને આગળ પણ આવું બનશે નહિ. વિશ્વ ન્યાય અને વ્યવસ્થા પર આધારિત છે.

ઈશ્વર પોતે પણ આ મર્યાદામાં બંધાયેલો છે. જો રાજા પોતે જ કાયદો તોડશે, તો પ્રજા પાસે તેનું પાલન કયા મોંઢે કરાવી શકશે ? જો લોકો એવી આશા રાખતા હોય કે જીવનનિર્માણની સાધનામાં વાસ્તવિક અધ્યાત્મની ઉપેક્ષા કરીને દેવ-દર્શન જેવાં નાનાં હથિયારથી મહાન લક્ષ્યની પ્રાપ્તિ કરી લઈએ, એવા મનસૂબા સેવનારા લોકોને બાળક બુદ્ધિ જ કહી શકાય. કાગળની હોડી પર બેસીને કોઈ નદી પાર કરવી શક્ય નથી. રબરની ગોળ ચૂસણી ચૂસતા રહેવાથી બાળકનું પેટ ભરાઈ શકતું નથી. આત્માની આ મહત્વાકાંક્ષા તો પોતાને આદર્શ તથા ઉત્કૃષ્ટ બનાવનારી ગતિવિધિઓ અપનાવાથી જ તૃપ્ત થઈ શકે છે. જો આપે ધાર્મિક કૃત્યોના વધુ પડતા માહાત્મ્યની કલ્પના કરી તેનાથી જૂઠો આત્મસંતોષ માનવા લાગીશું તો એ એક આત્મપ્રવચના જ કહેવાશે.

તીર્થયાત્રા આપણે કરવી જોઈએ, અવશ્ય કરવી જોઈએ, પરંતુ મનમાં તેની પાછળનો હેતુ એટલો જ હોવો જોઈએ કે જે વાસ્તવિક છે. મનુષ્યની જ્ઞાનવૃદ્ધિ થતી હોય, અનુભવ વધતો હોય, સંસારનું સ્વરૂપ સમજવામાં મદદ મળતી હોય, તેવાં સાધનો જરૂરી છે. એક જ પરિસ્થિતિમાં રહી રહીને જે કંટાળો આવવા લાગે છે, તે દૂર થાય છે.

નવાનવા પ્રદેશો અને વ્યક્તિઓનો સંપર્ક વધે છે, ઐતિહાસિક સ્થળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થનારી પ્રેરણાઓ મળે છે. જળવાયું બદલાય છે. આમ મહત્વપૂર્ણ સ્થળોની યાત્રા કરવાથી આવા અનેક લાભો મળે છે. યાત્રાએ માનવજીવનનું મહત્વપૂર્ણ મનોરંજન છે. અમીર-ગરીબ સૌ કોઈ પોતપોતાની રીતે અને સાધનોને અનુરૂપ યાત્રા કરતા હોય છે અને કરવી પણ જોઈએ, કે જે સ્વાભાવિક અને સંભવ છે. અતિશયોક્તિભર્યું માહાત્મ્ય ઊભું કરવું અને જાદુઈ પરિણામ મળવાની માન્યતા ધરાવી લેવી એ બંને અયોગ્ય છે. દૂધ પીવાથી સ્વાસ્થ્ય સુધરે છે, એ તો બરાબર છે, પણ કોઈ એમ કહે કે દૂધ પીવાથી વકીલ બની જવાય છે, તો તે વાત અતિશયોક્તિપૂર્ણ છે. આ વાતમાં કોઈ સંગતિ હોઈ પણ શકે, પરંતુ તે એવી રીતે હોય કે દૂધ પીવાથી સ્વાસ્થ્ય સારું થાય છે અને તેને અધ્યયનમાં લગાવી રાખવાથી સમયાનુસાર વકીલ બની શકાય છે. અધ્યયન માટે શ્રમ ઉઠાવવાની વાત છોડી દઈએ, તો દૂધ પીવાથી વકીલ બની જવાની વાતનો મેળ ક્યાંથી બેસાડી શકાય ? યાત્રાઓ કરવાથી મનુષ્યની આત્મોન્નતિ તથા સ્વર્ગ પ્રાપ્તિ વગેરે બાબતમાં આવી રીતે જ વિચારવું જોઈએ.

### દેવમંદિરો દર્શન જોઈએ અને શીખીએ :

દેવમંદિરોમાં આપણે દર્શન કરવા જઈએ અને ત્યાં જે દેવ-આત્માની મૂર્તિ હોય તેના સદ્દગુણો તેમ જ સત્કર્મોને પોતાની અંદર સ્થાપિત તેમજ વિકસિત કરવાનો વિચાર કરવો જોઈએ. આ વિચાર એટલો ભાવપૂર્ણ અને પ્રેરક હોય કે દેવતાની વિશેષતાઓ જીવનમાં ઉતારવાની પ્રેરણા મળી શકે તો સમજવું જોઈએ કે દેવદર્શન સાર્થક થયું.

હનુમાનજીનાં દર્શન કરીને બ્રહ્મચર્ય, સત્યપક્ષની નિઃસ્વાર્થ સહાયતા, દુષ્ટતાના દમન માટે પોતાના પ્રાણોની બાજી લગાવી દેવી વગેરે વિશેષતાઓ પોતાની અંદર વધારવી જોઈએ. ભગવાન રામનાં દર્શન કરવા હોય તો માતા – પિતા પ્રત્યે શ્રદ્ધા, ભાઈઓ પ્રત્યે સૌહાર્દ, પત્ની પત્યે અનન્ય સ્નહે, દુષ્ટતા સામે ઝઝુમાવાનું સાહસ વગેરે તથા ભગવાન કૃષ્ણના દર્શન કરવાથી મિત્રતા નિભાવવી, અસુરતા સામે લડવું, રથ હાંકવા જેવાં કામને પણ નાનું ન માનવું,

જેવાં શ્રેષ્ઠ તત્વોને હૃદયંગમ કરવા જોઈએ.

ભગવાન શંકર પાસે સહિષ્ણુતા, ઉદારતા, ત્યાગ ભાવના, સૂર્ય પાસેથી તેજસ્વી અને ગતિશીલ રહેવાની, દુર્ગા પાસેથી પ્રતિકૂળતાઓ સામે સાહસપુર્વક ઝઝૂમવું, સરસ્વતી પાસેથી જ્ઞાનનો અવિરત વિસ્તાર કરવો જેવાં ગુણોની પ્રેરણા મેળવી શકાય છે. આ પ્રેરણાઓ જેટલી પ્રબળ હશે, એટલું જ દેવદર્શન સાર્થક માનવામાં આવશે.

જો આ રીતે કોઈ ગુણોનું ચિંતન કરવામાં ન આવે કે આ વિશેષતાઓને પોતાના જીવનમાં વધારવા માટે કોઈ પ્રયત્ન કરવામાં ન આવે, તો પછી કોઈ મૂર્તિના દર્શન માત્રથી સ્વર્ગમાં જવાની કે મનોકામનાઓ પૂર્ણ થવાની આશા રાખી બેસવું અસંગત જ ગણાશે. જોવાનો લાભ છે તો ખરો, પણ લોકોએ જેટલો સમજી લીધો છે એટલો બધો નથી. અત્યુક્તિ હમેશાં અયોગ્ય જ હોય છે. એ પછી ભલે અલ્પવિકસિત લોકોને ધર્મ તરફ આગળ વધારવાના પ્રાથમિક પ્રયાસરૂપે જ કેમ ન કરવામાં આવી હોય ! મનુષ્યોનું દર્શન પણ બરાબર આવી જ રીતનું છે.

કોઈ જ્ઞાની, સંત, ત્યાગી, મહાત્મા કે મહાપુરુષનાં દર્શન કરવા એ તેમના પ્રત્યે શ્રદ્ધા, સદ્દભાવના હોવાનું પ્રગટ કરે છે, પરંતુ એટલાંથી જ કંઈ કામ ચાલવાનું નથી, તેથી આગળ પણ કદમ ઉઠાવવામાં જોઈએ, જેમનાં દર્શન કરવામાં આવ્યાં છે, તેમનામાં કોઈ ખાસ વિશેષતાઓ હોય, તો તેણે ગ્રહણ કરવી જોઈએ. તેમના ઉચ્ચ આદર્શો કે સિદ્ધાંતોમાંથી કોઈ પોતાના માટે ઉપયોગી લાગે, તેણે ગ્રહણ કરી વ્યવહારમાં લાવવા જોઈએ, તેમની સાથે આત્મીયતા વધારીને પ્રગતિની દિશામાં સહયોગ મેળવવો જોઈએ. આમ કરવાથી જ તે દર્શન લાભદાયક થશે, નહિતર આજકાલ જે માન્યતાથી લોકો સાધુ પુરુષોનાં દર્શન કરવા જાય છે. તેમાં તથ્ય ઓછું અને ભ્રાન્તિ વધારે હોય છે.

આજે તો લોકો દેવતાઓની જેમ મનુષ્યોનાં દર્શનથી પણ એવી આશાઓ રાખે છે, કે દૂરથી ચાલીને દર્શને આવવાથી તેઓ પોતાના તરફ કરવામાં આવેલો ઉપકાર માનશે અને આ અહેસાનની કૃતજ્ઞતા બતાવવા બદલ આપણી મનોકામનાઓ પૂરી કરી દેશે.

આ આશા માત્ર દુરાશા જ છે, કારણ કલ્યાણ કર્મથી જ થાય છે. સત્કર્મો માટેની પ્રેરણા પ્રાપ્ત કરવી એ જ તો દર્શનનો ઉદ્દેશ્ય છે, પરંતુ પ્રેરણા મેળવવાની અને પોતાને બદલવાની વાત મગજમાં ઘૂસે જ નહિ અને માત્ર જોવાથી જ બધું મળી જવાની આશા રાખવામાં આવે તો એ કોઈ રીતે સંભવ થઈ શકે તેવી વાત નથી.

### દાર્શનિક દૃષ્ટિકોણની આવશ્યકતા :

લોકો મોટે ભાગે ઐતિહાસિક, પ્રાકૃતિક, કલાપ્રધાન, પ્રગતિશીલ સ્થળો જવા માટે, મનોરંજન મેળવવા માટે જતા હોય છે. યાત્રા એ એક સારું મનોરંજન તો છે જ, સાથેસાથે તેનાથી જ્ઞાન અને અનુભવ વધારાનો લાભ પણ મળે છે. આથી ભારત જ નહિ, દુનિયાભરના લોકો પોતાની રુચિ અને શક્તિ પ્રમાણે સ્થળોની યાત્રા કરતા રહે છે અને ગંતવ્ય સ્થાન પર જે કંઈ જોવાલાયક હોય છે, તેને જોઈને પોતાનું કુતૂહલ તથા જિજ્ઞાસાની તૃપ્તિનો લાભ મેળવે છે. આ પણ એક પ્રકારનું દર્શન જ છે. ભલે દેવદર્શન નહિ તો પ્રકૃતિદર્શન, ઇતિહાસ દર્શન, કળાદર્શન, પ્રગતિ દર્શન. જયાં કોઈ વિશેષતા દેખાય ત્યાં જ લોકો જાય છે. જોઈને પાછા આવી જાય છે. પાછા આવીને પોતે જોયેલા સ્થળોનાં દર્શન વિશે સ્વજનો પરિજનોને સંભળાવે છે અને ત્યાંની કોઈ ખાસ વસ્તુ હોય તો તે લાવે છે. બસ, આટલાંથી જ તેમની યાત્રાનો ઉદ્દેશ્ય પૂરો થઈ જાય છે.

જ્યારે આપણે યાત્રાનાં દશ્યો સાથે જોડાયેલી ભાવનાઓનો પણ સ્પર્શ કરીએ અને તેમાંથી સમુચિત પ્રેરણાઓ પ્રાપ્ત કરીએ ત્યારે જ યાત્રાનો પૂરો લાભ મળે છે. પ્રત્યેક સ્થૂળની સાથે એક સૂક્ષ્મ પણ જોડાયેલું હોય છે. જડ પદાર્થોની અંદર પણ એક ચેતના રહેલી હોય છે. દાર્શનિકો આનંદ જ દર્શન કરીને ધન્ય બને છે. પંચતત્વો, વૃક્ષો, પર્વતો, નદીઓ, સરોવરો, વન-ઉપવનો વગરેમાં આ દૃષ્ટાઓની સૂક્ષ્મ દષ્ટિ અને ઉત્કૃષ્ટ આત્માનું દર્શન કરે છે, દેવદર્શનનો આનંદ લે છે અને ધન્ય બને છે. આ દૃષ્ટિ જો ન હોય તો જે કંઈ સ્થૂળ આંખોથી જોવામાં અવો છે, તે માત્ર જોવા પૂરતું જ, ક્ષણિક મનોરંજન માત્ર આપી શકે છે. ઈશ્વર ચામડાની આંખોથી નહિ, દિવ્ય ચક્ષુઓથી જ જોઈ શકાય છે,

એવી રીતે કોઈ વિશેષ સ્થાનોનાં દર્શનનો ભાવનાત્મક તેમ જ પ્રેરણાત્મક લાભ એ વસ્તુઓ તથા સ્થળોને દાર્શનિક દૃષ્ટિકોણથી જોવાથી જ પ્રાપ્ત થાય છે.

આવા સ્થળો જોવા જ્યારે પણ જઈએ ત્યારે ઊંડાણ સુધી પ્રવેશ કરવાનો પ્રયાસ કરીએ. એ સ્થાન શું દર્શાવે છે તથા સંભળાવે છે તે ઝીણવટથી જોઈએ તેમજ સાંભળીએ. ગાંધીજીએ બાળપણમાં એકવાર સત્યવાદી હરિશચંદ્ર નાટક જોયું હતું. જોઈને એટલાં પ્રભાવિત થયા અને પ્રતિજ્ઞા કરી કે તેઓ હરિશચંદ્ર બનીને જ રહેશે અને એવું થયું પણ ખરું. કેટલાય છોકરાઓ રોજેરોજ જાતજાતના ખેલ તમાશા, સિનેમા, નાટકો વગેરે જોતા હોય છે, એમાં ઘણી જગ્યાએ ધાર્મિક પ્રેરણાઓ પણ હોય છે, પરંતુ દિવ્ય દૃષ્ટિના અભાવે તે સાંભળી સમજી શકતા નથી માત્ર મનોરંજન કરીને ચાલ્યા આવે છે. આવું જોવું એ માત્ર કૌતુક જ ગણાય. જે વિશિષ્ટને જોવા આપણે જઈએ તેની વિશેષતા, મહત્તા પ્રેરણા તેમ જ આત્માને પણ જોવા સમજવાનો પ્રયાસ કરીએ, જે રીતે પાણીના ટીપામાં રહેલા જીવાણુંઓને જોવા માટે સૂક્ષ્મદર્શક યંત્રની જરૂર પડે છે, તેવી જ રીતે આ સંસારમાં જે વિશિષ્ટ છે તેનો પ્રકાશ પ્રાપ્ત કરવા માટે આપણે આપણી અંદર દાર્શનિક દૃષ્ટિ ઉત્પન્ન કરવી પડશે, ત્યારે જ દર્શનનો વાસ્તવિક લાભ મળી શકશે.

ઐતિહાસિક, પ્રાકૃતિક કે ધાર્મિક કોઈ પણ પુણ્ય સ્થળના વિદ્વાન તપસ્વી વ્યક્તિનાં દર્શન કરવા આપણે જઈએ ત્યારે તેમની પાસેથી કંઈક શીખવા સમજવાનો, પ્રેરણા તથા પ્રોત્સાહન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ પ્રેરણા જો જીવનને સન્માર્ગ તરફ પ્રેરિત કરનારી નીવડી, તો અવશ્ય દર્શનનો સમુચિત લાભ મળશે, પરંતુ જો ફક્ત જોવાનું કુતૂહલ તૃપ્ત કરવા પૂરતી જ વાત સીમિત રહે તો સમજવું કે એ દર્શનનું પુણ્ય માત્ર પ્રત્યક્ષ મનોરંજન જેટલું જ રહ્યું.

દર્શનનો લાભ ઘણો છે, પરંતુ એ ત્યારે જ મળે, જ્યારે તેનાથી મળનારી પ્રેરણાઓ પણ આપણે પ્રાપ્ત કરીએ. દિવ્ય દર્શન માટે આપણે ઉત્સાહપૂર્વક શુભ સ્થાનો, દિવ્ય વ્યક્તિઓ તથા મહત્વનાં આયોજનોના સંપર્કમાં આવતા રહેવું જોઈએ, પરંતુ સાથે સાથે દર્શનના દર્શનને પણ સમજવું જોઈએ.

દર્શનથી જો કોઈ પ્રેરણા મળે તો તેનાથી આપણું ભલું થશે. માત્ર સ્થૂળ દર્શનની ક્રિયા એક સામાન્ય શારીરિક આચરણ છે અને તેનો લાભ પણ જેટલા પ્રમાણમાં નગણ્ય જેવો હોય છે.

**આપણી ભાવના જ દેવતાઓને સામર્થ્ય પ્રદાન કરે છે :-**

મૂર્તિઓનાં દર્શન, તીર્થોની યાત્રા, મહાપુરુષોના સાંનિધ્યમાં જવાથી જે લાભ મળે છે, તેમાં મુખ્ય આધાર ભાવનાનો જ હોય છે એમાં કોઈ શંકા નથી. જો આંતરિક શ્રદ્ધા, દઢ વિશ્વાસ, કલ્યાણ પ્રાપ્ત કરવાની સાચી અભિલાષા ન હોય તો ભલે રોજ દર્શન કરવામાં આવે તો પણ તેનાથી કોઈ વિશેષ હેતુ સિદ્ધ નહિ થાય.

પંડિતો, પૂજારીઓ હમેશાં મંદિરની અંદર જ રહેતા હોય છે અને મૂર્તિઓના અંગપ્રત્યંગને ખૂબ નજીકથી બહુ સારી રીતે નિહાળતા હોય છે, તેમ છતાં જે એક ભાવુક અને વિશ્વાસુ દર્શનાર્થીને દૂરથી ફક્ત બે-ચાર મિનિટ દર્શન કરવાથી જે પ્રેરણા મળે છે તે તેમને મળતી નથી. એટલું જ નહિ, દર્શનાર્થીઓમાં પણ જે જેવી ભાવના રાખીને દર્શને જાય છે, તેને તેવું જ પરિણામ મળે છે. ઘણા બધા લોકો નિયમપાલન ખાતર નિત્ય મંદિરમાં જઈ દર્શન કરી આવે છે. પરંતુ તેમને વર્ષો સુધી આવું કર્યા પછી પણ કોઈ વિશેષ આધ્યાત્મિક લાભ મળતો નથી.

સાંસારિક વ્યવહારની દૃષ્ટિએ તેઓ જેવા સારા ખોટા પહેલાં હતા. તેવા જ દર્શનો કરાવતા રહ્યા પછી પણ રહેતા હોય  છે શ્રાવણના હિંડોળા તહેવારોમાં મંદિરોમાં હજારો વ્યક્તિઓ મંદિરોમાં સજાવટ અને રાસ લીલા વગેરે જોવા જાય છે. મૂર્તિની સામે હાથ જોડીને ઉભા રહ્યા પછી પણ તેમને તેના પ્રભાવ કે મહત્વનું કોઈ ધ્યાન હોતું નથી. તેઓ ફક્ત રોશની, સજાવટની સામગ્રી, ખેલ તમાશા તથા ત્યાંની ભીડભાડમાંથી મનોરંજન મેળવીને ચાલ્યા જાય છે. તેમને દેવમૂર્તિનાં દર્શનથી કોઈ લાભ થતો હશે એવું કોઈ પણ રીતે માની શકાય એમ નથી.

એટલું જ શું કામ કેટલાક લોકો તો મંદિરમાં જઈ ત્યાં દેવતાનાં દર્શન કરીને કંઈક સદ્દભાવના કે આત્મકલ્યાણનો વિચાર કરવાને બદલે ત્યાં પણ રમતની મનોવૃત્તિ

પ્રગટ કરવા લાગે છે. શિવરાત્રિના મેળા દરમિયાન એક શિવમંદિરમાં ભીડના કારણે અંદર જઈને જળ ચઢાવવું મુશ્કેલ લાગતું હોઈ, અનેક માણસો બહારથી પાણી ભરેલા માટીના વાસણનો મંદિરના શિખર પર છૂટો ઘા કરે છે. તેમાંના ઘણાબધા લોકો તેને પોતાની વિશેષતા સમજે છે, કે તેમનું ફેંકેલું પાત્ર ઉપરના શિખર પર જઈને બરાબર નિશાન લાગે. આવા લોકો ત્યાં કલાકો સુધી ઊભા રહીને તમાશો જોતા રહે, કે કોનું પાત્ર શિખર પર બરાબર લાગે છે. અને કોનું ભૂલથી બીજી બાજુ દૂર થઈ પડે છે કે પછી નીચે ભટકાઈને ફૂટી જાય છે. હવે આવું મનોરંજન કરનારા એમ સમજે કે એમને શિવજીને જળ ચઢાવવાનું પુણ્યફળ મળી ગયુ તો એને એક વિડંબણા કહેવી પડશે.

આ બધાનું કારણ એ જ છે, કે ફળ તો ભાવનાનું જ હોય છે. દેવ-મૂર્તિ તો કોઈ શિલ્પકાર દ્વારા પથ્થરની, ધાતુની કે લાકડાની બનાવવામાં આવેલી હોય છે. કોઈ મંદિરમાં સ્થાપિત કરી દેવાથી તે એક દેવની જેમ માનવામાં આવે છે અને હજારો લોકોને ફળ આપવા લાગે છે. નહિતર એ જ મૂર્તિને કોઈ કલાપ્રેમી ખરીદીને પોતાના સંગ્રહાલયમાં મૂકી દે તો તેને નથી દેવતા માનવામાં આવતી નથી તેમાં કોઈ પ્રકારનું ફળ આપવાની શક્તિ જોવા મળતી, એટલું જ નહિ, આજકાલ મૂર્તિચોરો જ્યારે કોઈ મંદિરમાં નિત્ય પૂજાતી પ્રતિમાં ચોરીને વિદેશી અને વિધર્મી વ્યક્તિને વેચી દે છે, જેનો ઉદ્દેશ્ય માત્ર તેના દ્વારા પોતાની બેઠકને સજાવવાનો જ હોય છે, ત્યારે મૂર્તિનો દૈવી પ્રભાવ અને શક્તિ પણ સમાપ્ત થઈ જાય છે અને તે મનોરંજન કરનારી માત્ર એક કલાકૃતિ જ રહી જાય છે. છેલ્લે આ ઉદાહરણોથી આપણે મહાકવિ રવીન્દ્રનાથની એ કવિતામાં તાત્પર્યને સત્ય સમજીએ, જેમાં કહેવામાં આવ્યું છે કે મૂર્તિ અથવા મંદિર કે તેની સાથે જોડાઈ રહેલ સાધનોનું કોઈ મહત્વ કે દૈવી શક્તિ હોવાનું માનવું યોગ્ય નથી, પરંતુ જે કંઈ ચમત્કાર છે, તે સર્વત્ર વ્યાપ્ત પરમાત્માનો જ છે.

### દેવદર્શનની પાછળ દિવ્યદૃષ્ટિ પણ હોવી જોઈએ :

પ્રત્યક્ષ દર્શન માત્રથી સ્વર્ગ, મોક્ષ, સુખ, શાંતિ, સંપત્તિ કે સમૃદ્ધિ વગેરેનો લાભ મળવાનો વિશ્વાસ રાખનારાઓની શ્રદ્ધાને વિવેક સંમત માની શકાય નહિ. તેમની આ અતિશ્રદ્ધા કે અતિવિશ્વાસ એક રીતે અજ્ઞાનજન્ય જ હોય છે,

જેને અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસ એક રીતે અજ્ઞાનજન્ય જ હોય છે, જેને અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસ પણ કહી શકાય છે. શ્રદ્ધા એક બાજુ આત્માની ઉન્નતિ કરે છે, મન મસ્તિષ્કને સુસંસ્કૃત તેમજ સ્થિર કરે છે, ઈશ્વરપ્રાપ્તિ માટે વ્યગ્ર તથા જિજ્ઞાસુ બનાવે છે, તો બીજી બાજુ મૂઢ શ્રદ્ધા અથવા અંધવિશ્વાસ તેને અવાસ્તવિકતાની અંધારી ખાઈમાં ધકેલી દે છે. અંધવિશ્વાસુઓ કે અંધશ્રદ્ધાળુઓને પોતાની અવિવેકપૂર્ણ ધારણાઓથી લાભ કરતાં નુકસાન વધારે થાય છે. આજે ધર્મના નામે જે ધૂર્તતા દેખાય છે તેમાં મોટે ભાગે આ અંધશ્રદ્ધાળુઓ જ જવાબદાર છે, જેઓ ધર્મના સત્યરૂપ કે કર્મની વિધિ અને તેનું પરિણામ જાણતા નથી. જનતાની અંધશ્રદ્ધાના આધારે કોણ જાણે કેટલાય આડંબરી અને ધુતારા લોકો તેમના ધન અને આદરનો ગેરલાભ ઉઠાવ્યા કરે છે. આ જ કારણે શાસ્ત્રોમાં એક બાજુ શ્રદ્ધાની પ્રશંસા કરવામાં આવી છે, તો બીજી બાજુ અંધશ્રદ્ધાની નિંદા પણ કરવામાં આવી છે.

દર્શન કરવાની બાબતમાં પણ ભોળા લોકોની આ અંધશ્રદ્ધા તેમને દર્શનના મૂળ પ્રયોજનથી તથા તેનાથી થનારા લાભથી વંચિત રાખે છે. લાખો, કરોડો લોકો દર વર્ષે તીર્થો તથા તીર્થ પુરુષોનાં દર્શન કરવા માટે દેશના ખૂણે ખૂણેથી આવતા-જતા રહે છે. અનેક લોકો તો રોજેરોજ સવાર સાંજ મંદિરોમાં દેવ પ્રતિમાનાં દર્શને જતા હોય છે, પરંતુ એ લોકોને ઇચ્છિત લાભ મળતો હશે કે કેમ, તે વિશે ચોક્કસ કહી શકાય તેમ નથી. તેમને આ બાહ્ય દર્શન દ્વારા એક ભ્રામક આત્મતુષ્ટિ સિવાય કંઈ જ મળતું નથી.

જો માત્ર દેવ પ્રતિમા, દેવસ્થાન અથવા દેવપુરુષને જોવા માત્રથી, હાથ જોડવાથી, દંડવત કરવાથી, પૈસા કે પ્રસાદ ચડાવી દેવાથી જ કોઈનાં પાપોનો મોક્ષ થતો હોત, દુઃખ દારિદ્રય દૂર થતું હોત, પુણ્ય, પરમાર્થ, સ્વર્ગ, મુક્તિ વગેરે મળી શકતાં હોત, મન, બુદ્ધિ, આત્માની ઉન્નતિ થઈ શકતી હોત, જીવનમાં તેજસ્વિતા, દેવત્વ અથવા નિર્દ્વંદ્વતાનો સમાવેશ થતો હોત તો રાત દિવસ દેવ પ્રતિમાઓની સંભાળ રાખનારા પૂજારીઓ, મંદિરની સફાઈ કરનાર સેવકોને આ બધા લાભો અનાયાસે જ મળી જાત. તેમનાં બધાં દુઃખ દ્વંદ્વ દુર થઈ જાત અને સુખ શાંતિપૂર્ણ સ્વર્ગીય જીવનના અધિકારી બની જાત, પરંતુ એવું જોવા મળતું નથી. મંદિરના સેવકો અને પ્રતિમાના પૂજારીઓ પણ અન્ય સામાન્ય માણસોની જમ જ બાકીના જીવનમાં પડયા પડયા દુઃખો, દ્વંદ્વો

તથા શોક – સંતાપોને સહન કરતા રહે છે. તેમની આખી જિંદગી દેવ પ્રતિમાઓનાં સાંનિધ્યમાં તથા દેવસ્થાનની સેવા કરતાં કરતાં વીતી જાય છે, તેમ છતાં તેમના જીવનમાં લેશ માત્ર પણ પરિવર્તન આવતું નથી.

અનેક લોકોની ધારણા હોય છે, કે દર્શન કરી લેવાથી, ફૂલમાળા ચઢાવી દેવાથી, દીવો કરવાથી કે દંડવત પ્રદક્ષિણા કરવા માત્રથી જ દેવતાઓ પ્રસન્ન થઈને ઇચ્છિત મનોરથોને પૂરા કરી દેશે. આ પ્રકારના ભ્રાન્ત વિશ્વાસુઓ એ સમજાતા નથી, કે પરમાત્માના પ્રતિનિધિ દેવતાઓ એવા હલકી કક્ષાના માણસો જેવા હોતા નથી, જે માત્ર હાજરી પુરાવી દેવાથી અથવા કોઈ ભેટ સોગાદ આપવાથી, પ્રશંસા કે સ્તવન વાકયોનું ઉચ્ચારણ કરી દેવાથી પ્રસન્ન થઈ જાય અને પોતાની ખુશામતપસંદ ટેવને કારણે ચમચાગીરી કરનારાના દુર્ગુણો ન જુએ અને પોતાનાની પાસે લઈ લે ! જો દેવતાઓની પ્રકૃતિ આવી જ રીતની હોત તો તેમનામાં અને સાધારણ માણસમાં કોઈ ફરક ન રહેત, ખુશામત સાંભળીને કે કોઈ બીજી રીતે પ્રસન્ન થઈને તેઓ ગમે તેની પર અનુગ્રહ વરસાવી દેત.

દેવતાઓની પ્રસન્નતા, ખુશામત  પસંદ લોભી વ્યક્તિઓની જેમ સસતી હોતી નથી. તેમની અનુકંપા પ્રાપ્ત કરવા માટે આપણે ડગલે ને પગલે બનાવવું પડશે. પોતાના મન, વચન અને કર્મમાં દેવત્વનો સમાવેશ કરવો પડશે. તેના માટે આત્મ સંયમ, ત્યાગ તથા તપશ્ચર્યાપૂર્વક જીવન સાધના કરવી પડશે. દિવ્યતાની આ ઉપલબ્ધિ શ્રમસાધ્ય તથા સમય સાધ્ય છે, જેને માત્ર તે જ વ્યક્તિ પ્રાપ્ત કરી શકે છે, જે પળેપળ  પોતાના આચાર વિચાર તથા વ્યવહારમાં સાવધાન રહીને ચાલે છે. દેવ અનુગ્રહની જરૂરી પાત્રતા મેળવ્યા વિના કોઈ પણ વ્યક્તિ કેવળ દેવ દર્શન અથવા દક્ષિણા પ્રદક્ષિણા દ્વારા પોતાના મનોરથો સિદ્ધ કરી શકતી નથી.